Dr. Dharmesh Haribhai Mahajan

RPAD

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
જાહેરનામા ક્રમાંક:જીસીઓ/૧૫૧૩/૧૦૬/ખ
સચિવાલય,ગાંધીનગર
તારીખ: 28 FEB 2013

વંચાણે લીધા:-

(૧) ગુજરાત જાહેર સેવા આયોગનો તા.૧૬/૧/૨૦૧૩ના પત્ર ક્રમાંક: આરસીટી/૧૦૨૦૦૯/૧૦૭૬/આર.૪

જાહેરનામુ:

ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા ઉપર વંચાણે લીધેલ પત્ર અન્વયે ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨માં કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણના તાબા હેઠળની સરકારી વિનયન. વિજ્ઞાન અને વાણિજય કોલેજ ખાતે રસાયણશાસ્ત્રના મદદનીશ પ્રાધ્યાપકની જગ્યા પર નિમણુંક માટે પસંદગી પામેલા નીચે દર્શાવેલ કુલ-૩૬ ઉમેદવારને રસાયણશાસ્ત્રના મદદનીશ પ્રાધ્યાપક તરીકે રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ + ૬૦૦૦-એજીપીના પગાર ધોરણમાં સીધી ભરતી ધ્વારા તેઓ તેમની જગ્યાનો હવાલો સંભાળે તે તારીખથી બે વર્ષના અજમાયશી સમય પર નિમણુંક આપવા માટે આથી કમિશ્નરશ્રી,ઉચ્ચ શિક્ષણના હવાલે મુકવામાં આવે છે.

P/O

| ક્રમ | ઉમેદવારનું નામ | અનુ.જાતિ,અનુ. જનજાતિ,સા.શૈ. પ.વર્ગ | સરનામુ |
|---|---|---|---|
| ૧ | શ્રી તરપદા ઉમેશ પોપટ | - - | ૩૦૧, છાયા એપાર્ટમેન્ટ, પાણીની ટાંકી સામે, નાનાબજાર-વિ.વિ.નગર. પીન-૩૮૮ ૧૨૦ |
| ૨ | કુ.ખૂંટ રંજન છગનલાલ | શારીરિક અશકત | "પિતૃકૃપા" ૧૩, પોપટપરા, રાધિકાડેરીની સામે, રાજકોટ-૩૬૦ ૦૦૧ |
| 3 | શ્રી મોદી નિશિથ રોહિતકુમાર | - - | ૭, પ્રમુખ પ્રેરણા એપાર્ટમેન્ટ, ૫૦ પંચવટી સોસાયટી, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮ |
| ૪ | શ્રી પટેલ મિતેષ હરિચંદ્ર | - - | ૫૯/૨. પુનિતનગર સોસાયટી, પારસકુંજની બાજુમાં, સેટેલાઇટ હોસ્પિટલની સામે. સેટેલાઇટ રોડ, અમદાવાદ-૧૫ |

| | | | |
|---|---|---|---|
| ૫ | શ્રી ગાંધી દિપેનકુમાર સુરેશભાઇ | - - | સરદાર પટેલ રોડ, પ્રાથમિક શાળા પાછળ, સેવાલિયા, બજાર, સેવાલિયા, તા.ઠાસરા, જી. ખેડા-પીન-૩૮૮ ૨૪૫ |
| ૬ | શ્રી મોવલિયા જગદીશ રમેશભાઇ | - - | ૨-આશીર્વાદ એપાર્ટમેન્ટ, સત્સંગી હાઇસ્કુલ સામે, ઇન્ડીયા કોલોની, રામજી મંદિર પાછળ, બાપુનગર, અમદાવાદ-૩૮૦ ૦૨૪ |
| ૭ | શ્રી દવે વિવેક નરેશકુમાર | - - | ૩, ગૌરાંગ સોસાયટી, વાસણા બસસ્ટેન્ડ પાછળ, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭ |
| ૮ | શ્રી પટેલ ઉપેન્દ્રભાઇ રમેશભાઇ | - - | ૮૪, ઉત્તર ગુજરાત પટેલ સોસાયટી, વિભાગ-૧, વિશ્વ વિદ્યાલય સ્કુલ પાછળ, અસારવા, અમદાવાદ-૩૮૦ ૦૧૬ |
| ૯ | શ્રી પરમાર પ્રદ્યુમન અમૃતસિંહ | - - | મુ.પો.કુકેરી (શાંતિકુંજ) તા.ચીખલી, જી. નવસારી પીન-૩૯૬ ૫૬૦ |
| ૧૦ | શ્રી ધડુક મનોજકુમાર કુલાભાઇ | - - | C/O જી.જી.દેસાઇ, મનહર સોસાયટી, આકૃતિ, સુર્યમુખી હનુમાન મંદિર પાસે, નાના મૌવા મેઇન રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૨ |
| ૧૧ | કુ. બરવાળિયા રેખા શંભુભાઇ | - - | ૧, પામ બીચ બંગલોઝ, હેબતપુર ક્રોસ રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦ ૦૫૪ |
| ૧૨ | શ્રીમતી રાજોરા જયંતી સુરેશચંદ્ર | - - | બી-૧૧૦૪, દેવનંદન સ્કાય, શાસ્ત્ર પેટ્રોલ પંપ પાછળ, ચાંદખેડા, અમદાવાદ-૩૮૨ ૪૨૪ |
| ૧૩ | કુ. કોટેચા જલ્પા લાલજીભાઇ | - - | આનંદ-૧, શક્તિનગર, હવેલી પાછળ, કાલાવાડ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫ |
| ૧૪ | શ્રી ધેલાણી સતીષકુમાર મનજીભાઇ | - - | મુ.ઠાંસા, તા.ગારીયાધાર, જી. ભાવનગર-૩૬૪ ૫૦૫ |
| ૧૫ | કુ.પટેલ આશાબેન દ્વારકાદાસ | - - | મુ.પો.વિશોળ, તા.ઉંઝા, જી. મહેસાણા, પીન-૩૮૪ ૨૧૫ |
| ૧૬ | શ્રી પંડયા નિલય ઉપેન્દ્ર | - - | પ્લોટ નં.૧૫૨૮/એચ, થિયોસોફીકલ સોસાયટી પાછળ, રૂપાણી સર્કલ, ભાવનગર-૩૬૪ ૦૦૧ |
| ૧૭ | શ્રી પંડયા જીજ્ઞેશ હરકાન્ત | - - | બ્લોક નં. ૬૫, શિવધામ, પુષ્કરધામ પાછળ, યુનિ. રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫ |

| | | | |
|---|---|---|---|
| ૧૮ | શ્રી અઘેરા વ્રજેશ કાનજીભાઇ | - - | મુ.કોડવાવ, તા.માણાવદર, વાયા બાંટવા, જી. જુનાગઢ-૩૬૨ ૬૨૦ |
| ૧૯ | શ્રી ફુલતરીયા ચિરાગ રમેશભાઇ | - - | 'સંતોષ' પીઠવા ક્લોકની સામે, નહેરુનગરની બાજુમાં કલાલશેરી, મોરબી-૩૬૩ ૬૪૧ |
| ૨૦ | શ્રી કમાણી કેયુરકુમાર અરજણભાઇ | - - | ૨૦, રાધાકૃષ્ણનગર સંતકૃપા સોસાયટી પાછળ, કેશોદ, જી. જુનાગઢ-૩૬૨ ૨૨૦ |
| ૨૧ | શ્રી ડાંગર યોગેશકુમાર નાથાલાલ | સા.શૈ.પ.વ. | મુ.લુશાળા, તા.વંથલી, જી. જુનાગઢ-૩૬૨ ૨૧૫ |
| ૨૨ | શ્રી રામ કેસુર રાજદે | સા.શૈ.પ.વ. | c/o રામશી દેવશી રામ, ગોકુલ, આલાપ કોલોની, માંગરોળ રોડ, કેશોદ જી. જુનાગઢ-૩૬૨ ૨૨૦ |
| ૨૩ | શ્રી જાદવ ઘનશ્યામ લાખાભાઇ | અનુ.જાતિ | ઉત્તર કૃષ્ણનગર, વણકરવાસ, આનંદનગર રોડ, ભાવનગર-૩૬૪ ૦૦૫ |
| ૨૪ | શ્રી જોષી કૌશિક અરવિંદભાઇ | સા.શૈ.પ.વ | c/o અરવિંદભા એન. વરડાંગર શિવાંજલી, કૃષ્ણપરા, સુતારશેરી, વડિયા (દેવળી) જી. અમરેલી-૩૬૫ ૪૮૦ |
| ૨૫ | કુ. મોદી જીજ્ઞાબેન ડાહ્યાલાલ | સા.શૈ.પ.વ | ૧૫, નાલંદા સોસાયટી, જગાણા રોડ, પાલનપુર, જી. બનાસકાંઠા-૩૮૫ ૦૦૧ |
| ૨૬ | શ્રી મહાજન ધર્મેશકુમાર હરીભાઇ | સા.શૈ.પ.વ | ૨૨, સુંદરવન રો હાઉસ, દાંડી રોડ, સુભાષબાગ નજીક, રાંદેર, મોરાભાગળ, સુરત-૩૯૫ ૦૦૫ |
| ૨૭ | કુ. ડોડીયા દિપ્તી કિશોરભાઇ | સા.શૈ.પ.વ | ૨-મનહર સોસાયટી, આરટીઓ ઓફીસની પાસે, શ્રી રામ પ્રોવિઝનની બાજુમાં રાજકોટ-૩૬૦ ૦૦૩ |
| ૨૮ | શ્રી કરંગીયા કૃષ્ણકુમાર લખમણભાઇ | સા.શૈ.પ.વ | બામણાસા ઘેડ, તા. કેશોદ, જી. જુનાગઢ-૩૬૨ ૬૨૫ |
| ૨૯ | શ્રી ગાંગાણી ભાવેશ જયંતકુમાર | સા.શૈ.પ.વ | તેજસ, ૧૦/૧૧, લક્ષ્મીવાડી, રાજકોટ-૩૬ ૦૦૨ |
| ૩૦ | શ્રી ડોડીયા ભાવેશ લક્ષ્મણભાઇ | સા.શૈ.પ.વ | મુ. સુલતાનપુરા, તા. માંગરોળ, જી. જુનાગઢ-૩૬૨ ૨૨૫ |
| ૩૧ | શ્રી પઢિયાર નિલેશકુમાર ભીખુભાઇ | સા.શૈ.પ.વ | બી-૧૭, શ્રીનાથજી સોસાયટી, મુ.પો.ઝાડેશ્વર, સ્વામીનારાયણ મંદિર પાસે, જી. ભરૂચ-૩૯૨ ૦૧૧ |

| | | | |
|---|---|---|---|
| ૩૨ | શ્રી પટેલ પરિમલ રમેશચંદ્ર | સા.શૈ.પ.વ | ૨૭૧, ડેરી ફળીયા, કતારગામ, સુરત-૩૯૫ ૦૦૪ |
| ૩૩ | શ્રી પરમાર જીતેન્દ્ર કિશોરભાઇ | સા.શૈ.પ.વ | એ-૬૬, સાંઇ વાટિકા, કુમકુમ બંગલોની પાછળ, કોસમડી, જીઆઇડીસી, અંકલેશ્વર-૩૯૩ ૦૦૨ |
| ૩૪ | શ્રી મહેતા કલ્પેશભાઇ મનહરલાલ | સા.શૈ.પ.વ | ૧૦, લલિત એપાર્ટમેન્ટ, સોમનાથ રોડ, બીલીમોરા, તા.ગણદેવી, જી. નવસારી-૩૯૬ ૩૨૧ |
| ૩૫ | શ્રી વસાવા સુનિલભાઇ બચુભાઇ | અનુ.જનજાતિ | બી-૧૪, જલાનંદ ટાઉનશીપ, રીફાઇનરી રોડ, ગોરવા, જી. વડોદરા-૩૯૦ ૦૧૬ |
| ૩૬ | કુ.હરસોરા જલ્પા પ્રફુલભાઇ | સા.શૈ.પ.વ | c/o રમેશભાઇ ફુલતરીયા, જયશ્રી સંતોષી મા, પીઠવા કલોક સામે, નહેરુ ગેટ પાસે, કલાલ શેરી, મોરબી-૩૬૩ ૬૪૧ |

અજમાયશી સમય દરમ્યાન મદદનીશ પ્રાધ્યાપકોની જગ્યાના પગાર ધોરણમાં લઘુતમ પગાર રૂ.૧૫૬૦૦/- અને તેના પર અન્ય ભથ્થાં મળવાપાત્ર થશે અને અજમાયશી સમયની પુરી મુદત દરમ્યાન તે જ પગાર મેળવશે અને કોઇ ઇજાફા મેળવવાપત્ર થશે નહીં. અજમાયશી મુદત પૂરી થયે નિયમિત ધોરણે મદદનીશ પ્રાધ્યાપકોની જગ્યાએ નિમણુંક થયા બાદ જ સામાન્ય દરે ઇજાફા મળવાપત્ર થશે.

૨, આકસ્મીક રજા સિવાયની કોઇ પણ પ્રકારની રજા અજમાયશી સમય દરમ્યાન લેવામાં આવશે તો અજમાયશી સમયની મુદત રજાની મુદત જેટલી લંબાવવામાં આવશે.

૩, સરકારે નિયત કરેલ શૈક્ષણિક પ્રકારની અને અન્ય પ્રકારની જે કોઇ ફરજ સોંપવામાં આવે તે તેમણે બજાવવાની રહેશે.

૪, અજમાયશી સમય દરમ્યાન તેમની કામગીરી સંતોષકારક નહીં હોય તો અજમાયશી સમય દરમ્યાન અથવા અજમાયશીનો સમય પૂર્ણ થતાં તેઓની અજમાયશી સેવાનો અંત લાવવામાં આવશે.

૫, ઉકત ઉમેદવારોને નિમણુંક આપતાં અગાઉ, સરકારી નોકરી માટે શારીરિક યોગ્યતાના તબીબી પ્રમાણપત્રો તથા તેઓના ચારિત્ર અને વર્તણૂંક અંગેના પોલીસ અહેવાલ મેળવ્યા બાદ જ વિગતવાર નિમણૂંકના આદેશ કરવાની જવાબદારી કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણની રહેશે.

૬. સરકારે નિયત કરેલ અને તેમને લાગુ પડતી હિન્દી અથવા ગુજરાતી ભાષાની ભાષાકીય પરીક્ષા અને તેવી અન્ય પરીક્ષા જે કોઇ નિયત કરવામાં આવે તે પાસ કરવાની રહેશે. ખાતાકીય પરીક્ષાના નિયમોમાં ઠરાવેલ સમય-મર્યાદામાં ભાષાકીય પરીક્ષા ઉર્તિર્ણ કરવામાં નહી આવે તો, ત્યાર પછીના ઇજાફા તેઓ તેવી પરીક્ષા પાસ કરે નહી ત્યાં સુધી અટકાવવામાં આવશે.

૭. નિયત સમય મર્યાદમાં ફરજ પર હાજર થયેલ ઉમેદવારોની સિનીયોરીટી આયોગે આપેલ ક્રમ મુજબ રહેશે.

૮. પગાર, રજા, પેન્શન વર્તણૂંક વગેરે સેવા વિષયક અને શિસ્ત વિષય અન્ય બાબતોમાં સેવાની શરતો ગુજરાત મુલ્કી સેવા નિયમો, ગુજરાત મુલ્કી સેવા (વર્તણૂંક) નિયમો અને ગુજરાત મુલ્કી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો વગેરે સરકારે પ્રસિધ્ધ કરેલ નિયમો અને વખતો વખત બહાર પાડેલા નિયમોને આધિન રરહેશે.

૯. ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા પસંદગી પામેલ ઉમેદવારે જે તે જગ્યાના ભરતી નિયમો પ્રમાણેની શૈક્ષણિક લાયકાત અને/ અથવા અનુભવ, ઉંમર, નાગરિકત્વ, જાતિ વિગેરે બાબતોની જોગવાઇ સંતોષે છે કે કેમ તથા જાતિ,અનુભવ,શૈક્ષણિક લાયકાત વગેરે અંગેના જરૂરી અસલ પ્રમાણપત્રો મેળવી તેની ખરાઇ કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણની કચેરીએ કરવાની રહેશે.

૧૦. જે તે જગ્યા માટે નકકી કરાયેલ લાયકાત ધરાવતા ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૨-૧-૭૦ ના પરિપત્ર ક્રમાંકઃ પીએસસી/૧૦૬૮/૬૫૫૪/ગ, ની જોગવાઇ અનુસાર તબીબી તથા પોલીસ તપાસ વિના આવા ઉમેદવારોને તાત્કાલિક અસરથી કામ ચલાઉ ધોરણે નિમણૂંક અપવા માટે જે તે ઉમેદવાર પાસેથી એવું એકરારનામું મેળવવાનું રહેશે કે જો તેઓ તબીબી / પોલીસ તપાસમાં કોઇ રીતે નિષ્ફળ સાબીત થશે તો તેમની નિમણૂંક મૂળ અસરથી રદ થવાને પાત્ર રહેશે. આવી તબીબી અને પોલીસ તપાસની કાર્યવાહી નિમણૂંક થવાના હુકમથી ત્રણ માસમાં પુરી કરવાની રહેશે.

૧૧. ઉપરની શરતો પરિપૂર્ણ થવા અંગેની ચકાસણી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીએ કરવાની રહેશે. અને શરતો વાંચી, સમજીને નિમણૂંક સ્વીકાર્ય છે, તે મતલબનું એકરારનામું નોકરીમાં હાજર થતી વખતે અરજદારે કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણને આપવાનું રહેશે.

૧૨. સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવેલ નિયત નમુનામાં સીકયોરીટી અને સ્યોરીટી બોન્ડ નિમણુંક મેળવનાર ઉમેદવારે આપવાનું રહેશે.

૧૩. હાલ જે એડહોક મદદનીશ પ્રાધ્યાપકો સેવામાં ચાલુ છે. તેઓને છૂટા કરીને, તેઓની ખાલી પડેલ જગ્યા પર આ મદદનીશ પ્રાધ્યાપકોને જે તે સંસ્થામાં નિમણૂંક આપવા સંદર્ભમાં વિગતવાર હુકમો ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી એ કરવાના રહેશે અને કરેલ કાર્યવાહીની જાણ વિભાગને કરવાની રહેશે.

૧૪. નિમણૂંક મેળવતા ઉમેદવારોએ ભરતી નિયમોનુસાર જરૂરી કોમ્પ્યુટર કૌશલ્યની લાયકાત ધરાવે છે કે કેમ તેની ચકાસણી કમિશ્નરશ્રી(ઉ.શિ)એ કરવાની રહેશે. અને નિમણુંક મેળવતા ઉમેદવારોએ સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૯/૨૦૦૬ના જાહેરનામા ક્રમાંકઃજીએસ/૨૦૦૬/૩૧/ખતપ/૧૦૨૦૦૫/૧૫૧૯/ક તથા સરકારશ્રીના વખતો વખતના સબંધિત આદેશો અનુસાર કોમ્પ્યુટર કૌશલ્યની લાયકી પરીક્ષા પાસ કર્યાના પ્રમાણપત્રો કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણએ તેઓની કક્ષાએથી મેળવી લેવાના રહેશે. વધુમાં સરકારશ્રી ધ્વારા વખતો વખત જે કોઇ લાયકી પરીક્ષા પાસ કરવાનું ઠરાવવામાં આવે તે નિમણૂંક પામતા ઉમેદવારે સરકારશ્રીએ ઠરાવેલી નિયત સમય-મર્યાદામાં પાસ કરવાની રહેશે. અને તે અંગેની ખાતરી કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણએ કરવાની રહેશે.

૧૫. આ ઉમેદવારોની નિમણુંક થાય ત્યારથી બે વર્ષ સુધી તેમની કામગીરીનો ખ્યાલ આપતો વાર્ષિક મુલ્યાંકન અહેવાલ નિયત નમુનામાં સમયસર સરકારશ્રીમાં બે નકલમાં મોકલી આપવાનો રહેશે.

૧૬. આ અધિસૂચના નામ. હાઇકોર્ટમાં દાખલ થયેલ સ્પે.સી.એ. નં.૧૧૫૭/૨૦૧૩ના આખરી ચુકાદાને આધીન રહેશે અને તે અંગેની બાંહેધરી ઉમેદવારોએ કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરીને આપવાની રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એમ.એચ.ખુમાર )
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,
- માન. મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(શિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, લાલ દરવાજા, અમદાવાદ તરફ તેમના તા.૧૬/૧/૨૦૧૩ના ખાનગી પત્ર ક્રમાંક.આરસીટી/૧૦૨૦૦૯/૧૦૭૬/આર.૪ અન્વયે જાણ સારૂ(પત્ર દ્વારા)
- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર (અસલ અરજી સાથે)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,રાજકોટ/અમદાવાદ.
- સબંધિત ઉમેદવારો (આર.પી.એ.ડી.થી)